# લક્ષ્ય અને ધ્યેય

**સુધા બીજ બોને સે પહિલે, કાલ-કૂટ પીના હોગા.**
**પહિન મૌત કા મુકુટ, વિશ્વ-હિત માનવ કો જીના હોગા**

આ લેખમાં

લક્ષ્ય અને ધ્યેય

વિચાર ક્રાન્તિ

એક દિવ્ય યોજના

મહાકાલની કાર્યશૈલી

ધર્મતંત્ર દ્વારા લોકશિક્ષણ

પ્રચારાત્મક મોરચો

રચનાત્મક મોરચો

સંઘર્ષાત્મક મોરચો

ભૌતિક વિજ્ઞાન અને બુધ્ધિવાદનો અત્યાર સુધી જે વિકાસ થયો છે. તેનાથી માનવ જાતિની દરેક વિદ્યાને સારા અથવા ખરાબ રૂપમાં અસર થઇ છે. એક બાજુ વૈજ્ઞાનિક શોધખોળોથી ઘણી જ સુખ સગવડોનો લાભ થયો છે, તો બીજી બાજુ વિજ્ઞાનનો યથાર્થતાવાદથી ભ્રમિત માનવ બુધ્ધિએ આત્મા, પરમાત્મા, કર્મફળ અને પરમાર્થના એ આધારોને ડગુમગુ કરી દીધા જેના પર નૈતિકતા, સદાચરણ અને ઉદારતા આધારિત હતી. વિજ્ઞાને ધર્મ અને અધ્યાત્મને અપ્રમાણિક અને બિનઉપયોગી સંસ્થાપિત કરી દીધાં. તેની અસર નીચે બુધ્ધિજીવી વર્ગ નીચ સ્વાર્થી બની ગયો. આજે જેના હાથમાં સંસારની ધાર્મિક, સામાજીક અને રાજનીતિક નેતાગીરી છે તેવા મોટા ભાગનાં વ્યક્તિઓ આદર્શ સંકુચિત સ્વાર્થ સુધી સીમિત છે. તેઓમાં વિશ્વકલ્યાણ નજર સમક્ષ રાખી, ઉદાર વ્યવહાર કરવાની હિંમત નથી, જો કે તેઓ તેની ઊંચી ઊંચી વાતો કરતાં હોય છે. બુધ્ધિ-જીવી વર્ગમાંથી ઉચ્ચ અને ઉદાર વ્યક્તિઓ આગળ નહીં આવે અને તેમનામાં સંકુચિતતા અને સ્વાર્થીપણું ફેલાઈ જાય, તો નીચલા વર્ગના અભણ અને પછાત લોકો ઉપર તેનો વ્યર્થ પ્રભાવ પડે છે. સંસારમાં વાતોની નહીં પણ કાર્યની પ્રમાણિકતા છે. કહેવાતા ઉચ્ચ લોકો જે કરે છે, વિચારે છે, તે જ વિચારધારા અને કાર્ય કરવાની રીત નીચા લોકોનાં વ્યવહારમાં આવે છે.

આજ કાલ કંઈક એવું થયું છે, કે મનુષ્ય આધ્યાત્મિક વિશ્વાસમાંથી વિચલિત થઈને સંકુચિત-સ્વાર્થનાં કાદવમાં ફસાઈ ગયો છે. ભલે તે ઉપરથી આદર્શવાદની વાતો કરતો હોય, પણ અંદરથી તેની રહેણી-કરણી ખુબજ હલકી છે. આ પ્રવૃત્તિ ચેપી રોગની જેમ એક બીજામાં ફેલાઈ જવાથી દુરાચાર છવાઈ ગયો છે. જેના પરિણામે રોગ, શોક, કલહ, કલેશ, પાપ,

અપરાધ, શોષણ, અપહરણ, છળ, પ્રપંચ વધી રહ્યો છે. અને આવી પરિસ્થિતિને બદલવાની અને સુધારવાની જરૂર છે. માનવતાને ચાહવાવાળા દરેક જાગૃત અને વિવેકશીલ વ્યક્તિનું કર્તવ્ય છે કે સમયની વિટંબણાઓને સમજે અને સમાજને અધોગતિ તરફ જતો રોકી, જેટલું શક્ય બને તેટલું પ્રગતિ તરફ વાળવાની કોશિષ કરે. વિચાર ક્રાન્તિ અભિયાન અને યુગનિર્માણ યોજના જાગૃત આત્માઓની એક એવી ક્રમબધ્ધ વિચારસરણી તથા કાર્યપધ્ધતિ છે, જેના આધારે વર્તમાનની શોક-સંતાપ ભરેલી પરિસ્થિતિ બદલી શકાય તેમ છે.

વ્યક્તિ એક મશીન છે જે માન્યતા અને શ્રધ્ધાનાં ઈંધણથી ચાલે છે. વિતેલા દિવસોમાં અમને અશ્રધ્ધાની પ્રેરણા મળી અને તેને અપનાવવાનું દુષ્પરિણામ જોયું. હવે એક જ રસ્તો છે કે, વિચાર ક્રિયાને બદલી શ્રધ્ધાને પુનર્જીવિત કરી, લોકોને એવી ગતિવિધિ ધારણ કરવા સમજાવવા કે જે વ્યક્તિગત અને સામૂહિક સુખ-શાંતિ જાળવવામાં અનાદિકાળથી મદદગાર રહી હોય અને અંત સુધી રહે. જનમાનસની આ પરિવર્તન પ્રક્રિયાનું નામ જ યુગનિર્માણ યોજના છે.

કહેવાતી ઉંચી નેતાગીરીથી નિરાશ થઈ અમે સીધા જન સંપર્ક પર વિશ્વાસ કરીએ છીએ અને વિચારીએ છીએ કે આજના કહેવાતા મોટા લોકોથી કંઈક આશા રાખવી તેના કરતા જનતાથી જ કામ લેવામાં આવે તો એવા નવા વ્યક્તિ મળી શકે જે વિશ્વની પરિસ્થિતિ બદલે. આવી જ રીતે જનતાને પોતાનાં વિચાર અને કાર્ય બદલવાની પ્રેરણા આપીને એવું વાતાવરણ ઉત્પન્ન કરી શકાય કે આગળ વધવાવાળા થોડા લોકો, પાછળવાળા માટે માર્ગદર્શક બને અને અનુકરણનો રસ્તો બતાવે. જનસંપર્કથી અમે એક વિચાર પરિવાર બનાવ્યો છે. તેનાથી જ જનમાનસનું ભાવનાત્મક નવ-નિર્માણની શરૂઆત કરી છે. આ પરિવારમાં અલગ અલગ વર્ગનાં, અલગ અલગ પરિસ્થિતિ અને યોગ્યતાવાળા નર-નારી છે. આ બધાંનો અમારી ભવિષ્ય નિર્માણની યોજનામાં ફાળો રહ્યો છે માટે ૧૯૬૩માં એક ‘સો મુદ્દાની યોજના બનાવી, એક સો કાર્યક્રમ રાખવામાં આવ્યા અને કહેવામાં આવ્યું કે જે કોઈ પણ કાર્ય કરી શકે તે કરે અને પોતાના પ્રભાવવાળા ક્ષેત્રમાં કંઈક સુધારો કરી બતાવવાનો નવીન ઉત્સાહ ઉત્પન્ન કરે.’

શરૂઆત નાના રૂપમાં થઈ છે, પણ વિશ્વાસ છે કે, આ પ્રક્રિયા એક બીજાની પાસે જઈને બહુ જ વ્યાપક બનશે અને અસંખ્ય એવી રચનાત્મક પ્રવૃત્તિઓ સામે આવશે જેનાથી વ્યક્તિ અને સમાજના આજનાં સ્વરૂપનો કાયાકલ્પ થઈ શકે.

આ યોજના પાછળ એક ચોક્કસ દૈવી પ્રેરણા છે, જે વામન માંથી વિરાટ બનાવવાની સંભાવનાઓ અને શક્તિથી ભરપૂર છે. થોડા સમયમાં જે પ્રગતિ થઈ છે તે દેખતાં એવું લાગે છે કે નજીકનાં ભવિષ્યમાં આ આંદોલન એક એવું જન-આંદોલન બનશે જેનાથી ધરતી પર સ્વર્ગનું અવતરણ અને મનુષ્યમાં દેવત્વ ઉદયનું સ્વપ્ન સાકાર થઈ જશે. ઈશ્વર તારી ઈચ્છા પૂર્ણ હો.

યુગ નિર્માણ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય છે-વિચાર ક્રાંન્તિ. (જુનવાણી) તથા રૂઢિવાદી બિનઉપયોગી વિચારોનું આજ વર્ચસ્વ છે (૧) સત્ય (૨) પ્રેમ (૩) ન્યાય પર આધારિત અને વિવેક અને તર્કથી પ્રભાવિત અમારી વિચાર પધ્ધતિ થાય તે વાતની જરૂરત છે. આદર્શોને

ઉત્તમ વિચાર પદ્ધતિ થાય તે વાતની જરૂરત છે. આદર્શોને ઉત્તમ માનવામાં આવે અને ઉચ્ચ જીવન જીવવાની અને સમાજને અધિક સુખી બનાવવા માટે વધારે ત્યાગ, બલિદાન આપવાની સ્વસ્થ હરીફાઈ અને સ્પર્ધા શરૂ થઈ જાય. વ્યક્તિગત જીવનમાં સુચિતા-પવિત્રતા, સચ્ચરિત્રતા, મમતા, ઉદારતા, સહકારિતા આવે. સામાજિક જીવનમાં એકતા અને સમતાની સ્થાપના થાય, આ સંસારમાં એક રાષ્ટ્ર, એક ધર્મ, એક ભાષા, એક આચાર રહે, જાતિ અને લિંગના આધાર ઉપર મનુષ્ય-મનુષ્યની વચ્ચે કોઈ ભેદભાવ ન રહે. દરેક વ્યક્તિને યોગ્યતા પ્રમાણે કામ મળી રહે અને જરૂરી જીવન-નિર્વાહ મળે. ગરીબ અને તવંગરની વચ્ચેની ખાઈ પૂરાઈ જાય. ફક્ત માનવને જ નહીં પણ બીજા પ્રાણીઓને પણ ન્યાયિક સરંક્ષણ મળે. બીજાનાં અધિકારો તથા પોતાનાં કર્ત્તવ્યોને પ્રાથમિકતા આપવાની વૃત્તિ દરેકમાં ઉદ્ભવે, સજ્જનતા અને સહૃદયતાનું વાતાવરણ વિકસતું જાય, એવી પરિસ્થિતિ ઉત્પન્ન કરવા માટે યુગ નિર્માણ યોજના જીવન સટોસટથી પ્રયત્નશીલ છે.

આગામી દિવસોમાં વિશ્વ સમતા અને એકતા તરફ અગ્રેસર થશે. 'વસુધૈવ કુટુમ્બકમ'ની ભાવના પર નવું વિશ્વ અને નવો સમાજ બનશે. આખી દુનિયાનું એક રાષ્ટ્ર બનશે, સગવડતાની દૃષ્ટિએ પ્રાન્ત, દેશ જેવા બનશે. મનુષ્યની એક જ જાતિ હશે. ઊંચ-નીચ, નાત-જાતના ભેદભાવ સમાપ્ત થશે. પેટાજાતિઓનું વર્ગીકરણ હાસ્યાસ્પદ બની જશે. આખી દુનિયા એક જ ભાષા બોલશે, અને બધાં માટે એક ધર્મ, એક આચરણ અને એક કાયદો હશે. ભોજન અને વસ્ત્રને સભ્યતાની નિશાની માનવામાં આવશે તો સગવડતા અને સાધનોની દૃષ્ટિથી તે અલગ પડી જશે, પરંતુ સંસ્કૃતિ સમસ્ત માનવ જાતિની એક હશે. ધન વ્યક્તિગત નહીં રહે, એની ઉપર સમાજનો અધિકાર હશે. ન કોઈ માલદાર રહેશે ન કોઈ ગરીબ. બધાં ખુબજ પરિશ્રમ કરશે અને ઉપલબ્ધ સાધનોનો બધા સમાન રૂપે ખુશી ખુશી ઉપયોગ કરશે. આસ્તિકતાની વ્યાખ્યામાં ઈશ્વરને સમદર્શી, સર્વવ્યાપક અને ન્યાયકારી હોવાની માન્યતા મુખ્ય ગણાશે. ભક્તોની મનોકામના પૂર્ણ કરવાવાળો આજનો બહુદેવવાદ નાશ પામશે. દુષ્કર્મોથી રૂઠેલ અને સદ્ભાવનાથી પ્રસન્ન થવા વાળા ઈશ્વરને બધાં પોતાની ભાવનાઓ અને કર્મો દ્વારા સપૂજન કરશે. ઉપાસનાનાં કર્મકાંડ ટુંકા થઈ જશે અને તે સમસ્ત વિશ્વમાં એક સરખા હશે. દેશભક્તિ જાતિભક્તિ, ભાષા ભક્તિનો વિશ્વ ભક્તિમાં વિકાસ થશે. ત્યારે માનવોની જેમ પશુ-પક્ષી પણ સમાજનાં ક્ષેત્રમાં આવી જશે અને તેમને દુઃખ આપવું પણ અપરાધ બની જશે. આશા કરો કે, આવો યુગ જલ્દીથી આવી રહ્યો છે. તેની પૂર્વ ભૂમિકા યુગનિર્માણ યોજના સમ્પાદન કરી રહી છે. હજુ થોડા દિવસો તો અનેક સ્વાર્થ-સંઘર્ષ બહુ તીવ્ર થશે તથા સંકુચિતતા અને દુર્વ્યવહારનાં દુઃખી પરિણામોનો સારી રીતે અનુભવ કરીને લોકો એનાથી મુક્ત થવા પોતે જ આતુર હશે. હવેની આચાર સંહિતા તે હકીકતો ઉપર આધાર રાખશે કે જેને અમે લોકો અત્યારે યુગનિર્માણ સંકલ્પોના રૂપમાં નિયમિત પાઠ કરીએ છીએ. એક દિવસ આખા જગતના બધા જ ધર્મ અને દેશ આ જીવન પદ્ધતિ ઉપર ચાલતા થઈ જશે. નવયુગના અભિનવ નિર્માણ માટે આપણે વ્યક્તિગત અને સામૂહિક પ્રયત્નોમાં અત્યારથી લાગી જવું જોઈએ અને મહાકાલના પ્રયોજનમાં પોતાનો હાર્દિક યોગદાન અર્પણ કરવો જોઈએ.